# શીઅયાને અલી જન્નતના સાહબો છે

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ઈરશાદ કરે છે કે, “અસ્હાબુલ જન્નતે હોમુલ ફાએઝૂન”, યાઅની જન્નતના સાહબો કયામતના દિન કામિયાબ થાનાર છે. અને રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની આ હદીસે શરીફ મશ્હૂર છે કે, “શીઅતો અલીયીન હોમુલ ફાએઝૂન”, યાઅની અલીના શીઆ કયામતના દિન કામિયાબ થાનાર છે. તો સાબિત થયું કે, મૌલાના અલી (અ.સ.) ના શીઆ તે જ જન્નતના સાહબો છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ આ આયતે કુરઆનની તિલાવત કીધી અને આપે ફરમાવું કે, “અસ્હાબુલ જન્નત એ લોગો છે કે જેઓએ મારી તાઅત (ફરમાઁબરદારી) કીધી અને અલી બિન અબી તાલિબ (અ.સ.) ને મારા ગુઝરી જાવા બાદ મારા વસી અને મારા વઝીર તસ્લીમ કીધા અને એની વલાયત (મોહબ્બત, મીસાક) નો ઈકરાર કીધો. અને અસ્હાબુન નાર એ લોગો છે કે જેઓએ મારા વસી અલી (અ.સ.) ની વલાયતનો ઈન્કાર કીધો અને મીસાકને તોડી નાખો અને મારી વફાત બાદ મારા વસી સામે જંગ કીધી. બેશક અસ્હાબુલ જન્નત અને અલીના શીઆ જીત પામનાર અને કામિયાબ થાનાર છે.” ★